:: એડવોકેટ પ્રીમીયર લીગ–૨૦૨૫ ::

–:: સંચાલકો ::–

ધી સુરત ડિસ્ટ્રીકટ બાર એસોશિયેશન

બ્રિજેશ પી. પટેલ (પ્રમુખશ્રી)	રાકેશ ડી. ચૌહાણ (ઉપપ્રમુખશ્રી)	સોનલ એસ. ગ્લાસવાલા (લેડી રીપ્રેઝન્ટટેટીવ)
ચંદ્રેશ જે. પીપલીયા (મંત્રીશ્રી)	સાત્વીક બી. પટેલ (સહમંત્રીશ્રી)	ચંદ્રેશ એમ. જોબનપુત્ર (ખજાનચીશ્રી)

–:: સ્પોર્ટસ કમિટિ ::–

સંજય એમ. નાયક (કન્વીનર)	મુંજાલ કે. બ્રહ્મભટ્ટ (સહ–કન્વીનર)	ચૈતન્ય એન. પરમહંસ (સહ–કન્વીનર) (મો.નં. ૯૫૮૬૯૯૧૧૭૭)

–:: સ્પર્ધાના નિયમો ::–

૧.. ધી સુરત ડિસ્ટ્રીકટ બાર એશોશિએશન ધ્વારા વહેલા તે પહેલા ધોરણે લીમીટેડ ટીમને આ ટુનાર્મન્ટમાં એન્ટ્રી આપવામાં આવશે.

૨.. આ ટુર્નામેન્ટ તારીખ : **૧૩/૧૨/૨૦૨૫** (શનિવાર) તથા **તારીખ : ૧૪/૧૨/૨૦૨૫** (રવિવાર) ના રોજ બાવાજી ક્રિકેટ ગ્રાઉન્ડ ભાઠા–ભાટપોર, સુરત ખાતે રમાડવામાં આવશે.

૩.. દરેક મેચ ૧૦–૧૦ ઓવરની રમાડવામાં આવશે.

૪.. દરેક મેચમાં પ્રથમ ૩ ઓવર પાવર પ્લે રમાડવામાં આવશે.

૫.. આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે **રૂ. ૬,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)** એન્ટ્રી ફી નકકી કરવામાં આવેલ છે. જે એન્ટ્રી ફી જમા કરાવ્યા બાદ કોઈપણ સંજોગોમાં રિફંડ કરવામાં આવશે નહી.

૬.. કોઈપણ સંજોગોમાં થ્રો બોલર ચલાવવામાં આવશે નહી જે અંગે એમ્પાયરનો નિર્ણય આખરી ગણવામાં આવશે.

૭.. આ ટુર્નામેન્ટ હેવી ટેનીસ બોલથી રમાડવામાં આવશે.

૮.. આ ટુર્નામેન્ટમાં **L.B.W** નો નિયમ ન હોવાના કારણે ચાર સ્ટમ્પથી મેચ રમાડવામાં આવશે.

૯.. મેચ ટાઈ થાય તે સંજોગોમાં બંન્ને ટીમને સુપર ઓવર રમાડવામાં આવશે અને ફરીથી ટાઈ થાય તો સિક્કો ઉછાળી નિર્ણય કરવામાં આવશે.

૧૦.. ફકત ૨ (બે) જ બોલર વધુમાં વધુ ૩ (ત્રણ) ઓવર નાંખી શકશે.

૧૧.. આપેલ ટાઈમ પ્રમાણે જો કોઈ ટીમ આવશે નહી તો ઓવર કાપીને રમાડવામાં આવશે.(સંચાલકનો નિર્ણય આખરી ગણાશે અને તે નિર્ણય સામે કોઈપણ જાતની તકરાર કરવી નહી.)

૧૨.. દરેક ટીમના ખેલાડીઓએ પ્રોપર ક્રિકેટ યુનીફોર્મમાં ફરજીયાત આવવાનું રહેશે.

૧૩.. આ ટુર્નામેન્ટમાં સંચાલક તથા એમ્પાયરનો નિર્ણય આખરી ગણાશે તથા તેઓ સાથે ગેરવર્તણુક કરનાર ટીમને સંચાલકો ધ્વારા તે ટીમને ટુર્નામેન્ટમાંથી બાકાત કરી શકશે તે બાબતે કોઈપણ ટીમે કોઈપણ પ્રકારની તર-તકરાર કરવી નહી.

૧૪.. આ ટુર્નામેન્ટ નોકઆઉટ પધ્ધતિથી રમાડવામાં આવશે.

૧૫.. કોઈપણ ખેલાડીને મેચ દરમ્યાન ઈજા થશે તો સંચાલકની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

૧૬.. આ ટુર્નામેન્ટમાં સુરત શહેર કે જિલ્લાના વકીલ હોય અને જે એડવોકેટશ્રીએ **A.I.B.E** ની એકઝામ પાસ કરી હોય તે જ ભાગ લઈ શકશે.

૧૭.. આ ટૂર્નામેન્ટમાં જો કોઈ ટીમના ખેલાડી સામે વાંધો હોય કે આ સિવાય અન્ય કોઈ તકરાર હોય તો ચાલુ મેચ દરમ્યાન સંચાલકોને જાણ કરવી, મેચ પૂર્ણ થયા બાદ કોઈપણ પ્રકારની તર–તકરાર ચલાવી લેવામાં આવશે નહી. (તમામ ખેલાડીએ પોતાનો આઈ.ડી.પ્રુફ ફરજીયાત લાવવાના રહેશે.)

૧૮.. આ ટુર્નામેન્ટ વકીલોની એકતા અને મનોરંજન માટે રમાડવામાં આવેલ હોવાથી દરેક ટીમે હદય પુર્વક સાથ સહકાર આપવા વિનંતી છે.

૧૯.. આ ટુર્નામેન્ટમાં એડવોકેટશ્રીઓની ટીમો સિવાય કોર્ટના કામકાજ સાથે સંકળાયેલ સરકારી કર્મચારીઓનાં ટીમને રમાડવામાં આવશે, જેની નોંધ લેવી.

૨૦.. આ ટૂર્નામેન્ટમાં ટેકનીકલ સલાહકાર તરીકે પૂર્વ રણજી ક્રિકેટર તથા સ્પોર્ટસ કમીટીના કન્વીનરશ્રી સંજય એમ. નાયકને નિમણુંક કરવામાં આવેલ છે, જો કોઈ સંજોગોમાં ટેકનીકલ સમસ્યા ઉભી થાય તે સંજોગોમાં તેમનો નિર્ણય આખરી ગણાશે.

૨૧.. આ ટૂર્નામેન્ટમાં સમય અને પરિસ્થિતીને ધ્યાને રાખી નિયમોમાં ફેરફાર સંચાલકો કરી શકશે.

૨૨.. ટૂર્નામેન્ટમાં આ નિયમોમાં લખેલ નિયમો સિવાય પણ કોઇ એવી પરિસ્થિતિ ઉભી થાય કે જયાં કોઇ તકરાર ઉભી થતી હશે તો તેનો આખરી નિર્ણય સંચાલકોનાં હાથમાં રહેશે.

:: ખેલાડીઓના નામ ::

૧..... ૨.....

૩..... ૪.....

૫..... ૬.....

૭..... ૮.....

૯..... ૧૦.....

૧૧..... ૧૨.....

૧૩..... ૧૪.....

૧૫.....

ટીમનું નામ :– .....

કેપ્ટનનું નામ :– ..... મો.નં. : .....

વાઈસ કેપ્ટનનું નામ :– .....મો.નં. : .....

કેપ્ટનની સહી : .....